INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૨૨-૧-૨૦૨૪

ભ્રષ્ટાચારમાં ગળાડૂબ આસામના મુખ્યમંત્રીશ્રીનું ચહેરો ખુલ્લો પડી ગયો છે ત્યારે ગભરાયેલા અને અકળાયેલા મુખ્મંત્રીશ્રીના ઈશારે ભાજપના ગુંડા તત્વોએ શ્રી રાહુલ ગાંધીજી ની ભારત જોડો ન્યાય યાત્રા ઉપર હુમલો કરીને ભાજપના હિંસાના મોડલને આગળ કર્યુ છે. તેઓને ઈચ્છા એવી છે કે ભારત જોડો ન્યાય યાત્રા રોકવામાં આવે પણ ગમે તેટલા પ્રયત્નો કરે પણ શ્રી રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ ડરવાની નથી ત્યારે આસામમાં ભાજપના ગુંડા તત્વોએ શ્રી રાહુલ ગાંધીજી ની ભારત જોડો ન્યાય યાત્રા ઉપરના હુમલા વિરોધમાં અમદાવાદ ખાતે સાળંગપુર, ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલની આગેવાનીમાં અને એ.આઈ.સી.સી.ના મંત્રી શ્રી રામકિશન ઓઝાજીની ઉપસ્થિતિમાં દેખાવો,  મોન ધારણા પ્રદર્શન યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો, પદાધિકારીઓ જોડાયા હતા. પ્લેકાર્ડ સાથે શાંત રીતે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસ પક્ષના કાર્યકરો, પદાધિકારીઓને પોલીસે બળપ્રયોગ કરીને રોકવાનો પ્રયત્ન કર્યો હતો અને અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલ, એ.આઈ.સી.સી.ના મંત્રી શ્રી રામકિશન ઓઝાજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી બીમલભાઈ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, પ્રવક્તાશ્રી રત્નાબેન વ્હોરા, મહિલા આગેવાનશ્રી હેતાબેન પરીખ સહીત ૨૦૦ જેટલા કાર્યકરો પદાધિકારીઓની અટકાયત કરી હતી. જેને લઈને કાર્યકરોએ લોકતંત્ર બચાઓ, સંવિધાન બચાઓ, રઘુપતિ રાધાવ રાજા-રામ, સબકો સંમતી દે ભગવાન, ડરો મતના ભારે સુત્રોચાર સાથે શ્રી રાહુલ ગાંધીજીની ભારત જોડો ન્યાય યાત્રા પરના હુમલાને વખોડી કાઢ્યો હતો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા